**તાત્કાલિક: સમયમર્યાદા**

જા.નં.જી-૨/૧૯૨૭/અ.જા./અ.જ.જા./૯૭૪/૦૫
પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ
અધિકારીશ્રીની કચેરી, ગુ.રા., પોલીસ ભવન
સેકટર-૧૮, ગાંધીનગર
તા: ૧૩/૦૫/૨૦૦૫

વિષય: ભારત સરકારના અનુ.જાતિ./જનજાતિ આયોગના સાતમા અહેવાલ (વર્ષ ૨૦૦-૦૨) ની ભલામણો સામે લીધેલ પગલા બાબતે તાકિદની કાર્યવાહી કરવા બાબત

**પરિપત્ર:**

ઉપરોકત વિષયાન્વયે આ સાથે ભારત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૫/૦૨/૦૫ ના પત્રની ઝેરોક્ષ આ સાથે સામેલ રાખી મોકલી આપેલ છે.

ઉપરોકત અહેવાલમાં અનુસૂચિત જાતિ અને જનજાતિ અંગે સાતમા નેશનલ કમિશન દ્વારા વર્ષ ૨૦૦૧-૦૨ ના રજુ થયેલ અહેવાલમાં કમિશન દ્વારા નીચે જણાવ્યા મુજબની ભલામણો પ્રોટેકશન ઓફ સીવીલ રાઇટસ એકટ ૧૯૫૫ હેઠળ કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

**ભલામણ નં; ૩** : અનુસૂચિત જાતિ/જનજાતિના નેશનલ કમિશન તરફથી વ્યુહ નક્કી કરવામાં આવેલ છે કે, પ્રોટેકશન ઓફ સીવીલ રાઇટસ અંગેના કેસોમાં અનુસૂચિત જાતિ તેમની વાર્ષિક આવક ધ્યાનમાં લીધા સિવાય મફત કાનૂની સહાય પુરી પાડવી અને શકય હોય ત્યાં સુધી તેઓને અનુસૂચિત જાતિના ઉમેદવાર એવા નિષ્ણાત વકીલની સેવાઓ દરેક જીલ્લાઓમાં પૂરી પાડવી.

ભલામણ; ૫-એ: અનુસૂચિત જાતિ/જનજાતિના નેશનલ કમિશન તરફથી એવી ભલામણ કરવામાં આવેલ છે કે, જે રાજયોમાં અનુસૂચિત જાતિના સભ્યશ્રીઓને કોઇ પ્રશ્ન ન હોય છતાં પણ સરકાર દ્વારા પી.સી.આર. એકટની અમલવારી માટે સમિતિની રચના કરવી.

**ભલામણ: ૭** : અનુસૂચિત જાતિ/ જનજાતિના નેશનલ કમિશન તરફથી એવો વ્યુહ નક્કી કરવામાં આવેલ છે કે, તેમના રાજયકેન્દ્ર શાસિત વિસ્તારોમાં રહેતા અનુસૂચિત જાતિના સભ્યોને સામાન્ય જનજીવનમાં લગતી બાબતો અંગે પડતી મુશ્કેલીઓ માટે પણ પી.સી.આર. એકટ હેઠળ કાર્યવાહી કરવી.

સાતમા નેશનલ કમિશન દ્વારા આપેલ સુચનો/ભલામણો અંગે પોલીસને લગતા મુદ્દાઓનો તાત્કાલીક અમલ કરવા માટે તપાસની પ્રક્રિયા સાથે સંકળાયેલ તમામને તાકિદ કરવી અને સુપરવિઝીંગ અધિકારીઓને પણ આ સુચનાઓનો તાત્કાલીક અસરથી કડકપણે પાલન થાય તે જોવા વિનંતી છે.
**બિડાણ:** ઉપર મુજબ

( અ.કુ.ભાર્ગવ )
પોલીસ મહાનિદેશક અને
મુખ્ય પોલીસ અધિકારીશ્રી,
ગુજરાત રાજય, ગાંધીનગર

પ્રતિ,
તમામ પોલીસ કમિશનરશ્રીઓ.....
તમામ રેન્જના વડાશ્રીઓ.....
તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ......(પ.રે.વડોદરા/અમદાવાદ સહિત)